**Sem.3 July – 2013**
**PSYCHOLOGY**
**M. C. Q.**
**Paper – 3 - EC - 1 - Core – 201**

# બાળમનોવિજ્ઞાન

**Prof. Dr. Jatin HJoshi**

સૂચના: નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે યોગ્ય ચિહ્ન દ્વારા દર્શાવો.

---

1. બાળમનોવિજ્ઞાનના અભ્યાસનો આરંભ બાળકના જન્મસમયથી થાય છે. ______
2. બાળમનોવિજ્ઞાન ગર્ભાવસ્થાથી શરૂ કરી કિશોરાવસ્થા સુધીના વિકાસનો અભ્યાસ કરે છે. ______
3. બાળમનોવિજ્ઞાન જીવવિજ્ઞાનની મહત્વની શાખા છે. ______
4. બાળમનોવિજ્ઞાનનું મુખ્ય વિષયવસ્તુ બાળકનો વર્તનવિકાસ છે. ______
5. બાળકના વર્તનવિકાસને સમજવા માટે શરીરના અંગોની વૃધ્ધિનો અભ્યાસ કરવો જરૂરી છે. ______
6. બાળમનોવિજ્ઞાનનો અન્ય વિજ્ઞાનો સાથે ખાસ સંબંધ રહેલો છે. ______
7. બાળમનોવિજ્ઞાનના અભ્યાસનો પ્રભાવ અન્ય વિજ્ઞાનોના અભ્યાસમાં પણ પડે છે. ______
8. બાળમનોવિજ્ઞાન વિકાસાત્મક મનોવિજ્ઞાનની પણ શાખા ગણાય. ______
9. બાળમનોવિજ્ઞાન એ વર્ણનાત્મક અને સ્પષ્ટીકરણાત્મક વિજ્ઞાન છે. ______
10. બાળમનોવિજ્ઞાન એ કેવળ સૈધ્ધાંતિક વિજ્ઞાન છે. ______
11. બાળકના વર્તન વિકાસ ઉપર વારસાની ખાસ અસર જણાતી નથી. ______
12. બાળકની શીખવાની ક્રિયાનો આધાર તેની જૈવિય પરિપક્વતા પર રહેલો છે. ______
13. કિશોરાવસ્થા દરમ્યાન આંતરિક-બાહ્ય શારીરિક ફેરફારો થાય છે. ______
14. બાળકનો બોધાત્મક અને ભાષાકિય વિકાસ સમાંતર રીતે થાય છે. ______
15. સમાજિકરણ એટલે સમાજના ધોરણો પ્રમાણે વર્તતાં શીખવું તે. ______
16. બળમનોવિજ્ઞાન નૈતિક વિકાસ સાથે સંકળાયેલું નથી. ______
17. બાળકને પોતાની જાતિ વિશેની સજાગતા બાલ્યાવસ્થાથીજ હોય છે. ______
18. બાળમનોવિજ્ઞાનનો અભ્યાસ માતા-પિતાને બાળઉછેર કાર્યમાં માર્ગદર્શક બનીરહે છે. ______
19. બાળવિકાસ અંગેનો મનોવિશ્લેષણવાદી સિધ્ધાંત સિગ્મંડ ફ્રોઈડે આપ્યો. ______
20. મનોજાતિય વિકાસના તબક્કાઓ પૈકી પ્રથમ તબક્કો તે ગુદાવસ્થા છે. ______
21. એરિક્સને રજૂ કરેલો બાળવિકાસનો સિધ્ધાંત વર્તનવાદી અભિગમ પર આધારિત છે. ______
22. રૂઢિગત વર્તનવાદના મૂળ સ્થાપક જે.બી.વોટ્સન હતા. ______
23. પીઆગેટે બોધાત્મક વિકાસના ચાર તબક્કાઓ ગણાવ્યા છે. ______
24. વસ્તુલક્ષી ક્રિયાત્મક તબક્કો પીઆગેટે વર્ણવ્યો છે. ______
25. બાળકના સમગ્રલક્ષી વિકાસમાં સામાજિક શિક્ષણ મહત્વનો ભાગ ભજવે છે. ______
26. જન્મસમયે નવજાત શિશુનું વજન સરેરાશ પાંચ પાઉન્ડ જેટલું હોય છે. ______

27. જન્મસમયે નવજાત શિશુના વજનમાં વ્યક્તિગત તફાવતો હોઈ શકે છે. ______
28. આઠ માસની વયે શિશુનું વજન 17 પાઉન્ડ જેટલું હોય છે. ______
29. છ વર્ષની વયના બાળકનું વજન સરેરાશ 40 પાઉન્ડ જેટલું હોય છે. ______
30. જન્મસમયે નવજાત શિશુની ઊંચાઈ (લંબાઈ) સરેરાશ 20 ઈંચ જેટલી હોય છે. ______
31. છ વર્ષની વયના બાળકની ઊંચાઈ 40 ઈંચ જેટલી હોય છે. ______
32. નવજાત શિશુનાં શરીરમાં 270 હાડકાં હોય છે. ______
33. 14 વર્ષની વયના બાળકના શરીરમાં 350 જેટલાં હાડકાં હોય છે. ______
34. શિશુનાં પેઢાંમાં દાંતની રચના થવાનું કાર્ય જન્મપૂર્વેથી જ શરૂ થતું હોય છે. ______
35. અસ્થાયી કે દૂધિયા દાંતની સંખ્યા 32 હોય છે. ______
36. બાળકનાં શારીરિક વિકાસ ઉપર વારસો અથવા વાતાવરણની અસરો થાય છે. ______
37. છૂટા ઉભા રહેવું અને ચાલવું તેમજ ઘૂંટણિયા કરવા તેને સૂક્ષ્મ કારકવિકાસ કહેવાય. ______
38. ચીજ-વસ્તુઓને લેવા જવું, પકડવી કે ફેંકવી એટલે સ્થૂળ કરકવિકાસ. ______
39. આવેગ માટેનો અંગ્રેજી શબ્દ **Emotion** લેટિન શબ્દ **Emovere** પરથી બન્યો છે. ______
40. આવેગના અનુભવો દરમ્યાન કોઈ શારીરિક ફેરફારો થતાં નથી. ______
41. આવેગ એ એક માનસિક અનુભવ છે. ______
42. વૉટ્સનના મતે જન્મ સમયે શિશુ પ્રેમ, ભય અને ક્રોધના આવેગો અનુભવે છે. ______
43. કેથેરાઈન બ્રિજીસે આવેગ વિશેનો વ્યવસ્થિત અભ્યાસ 1932માં કર્યો હતો. ______
44. આવેગિક વિકાસના વય અનુસાર તબક્કાઓ લોરા ઈ. બર્કે વર્ણવ્યા છે. ______
45. આનંદની અભિવ્યક્તિનો વિકાસ શિશુમાં જન્મ પછી બીજા વર્ષે થાય છે.
46. ભયના આવેગનો અનુભવ શિશુ જન્મથી જ કરી શકે છે. ______
47. અનુરાગ એટલે અમુક વ્યક્તિની નિકટ રહેવાનું અને તેમની હાજરીમાં સલામતિ અનુભવવાનું વલણ. ______
48. અનુરાગનું માપન કરવા માટે લોરા ઈ. બર્કે આઠ વિવિધ પરિસ્થિતિઓનું નિર્માણ કર્યું. ______
49. બાળકમાં વિકસતો ભયનો આવેગ તેના વ્યક્તિત્વવિકાસ પર ખાસ કોઈ માઠી અસરો જન્માવતો નથી. ______
50. બાળકના ભયના આવેગનું નિયંત્રણ કરવાની રીતોમાં સાંસ્કૃતિક તફાવતો જોવા મળે છે. ______

**Sem. -3 July – 2013**
**PSYCHOLOGY**
**M. C. Q.**
**Paper – 4 EC – 1 Core – 202**

# અસાધારણ મનોવિજ્ઞાન

**Prof. Dr. Jatin H. Joshi**

સૂચના : નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે યોગ્ય ચિહ્ન દ્વારા દર્શાવો.

---

1. અસાધારણ મનોવિજ્ઞાન એ તબીબી વિજ્ઞાનની શાખા છે. ______
2.અસાધારણનો મુખ્ય સંબંધ વર્તવિકૃતિઓના અભ્યાસ,મૂલ્યાંકન,ઉપચાર અને નિવારણ સાથે છે. _____
3. અસાધરણ વર્તનનો ખ્યાલ સાપેક્ષ છે. ______
4. અસાધારણ વર્તન નક્કી કરવામાં વ્યક્તિની વય અને જાતિ મહત્વનો ભાગ ભજવે છે. ______
5. સમાજ વિરોધી વર્તન એ વિકૃત વર્તનની લાક્ષણિક્તા છે. ______
6. આંકડાશાસ્ત્રીય ધોરણ દ્વારા અસાધારણ વર્તનની સંપૂર્ણ સમજૂતિ મળે છે. ______
7. અસાધારણ વર્તન સમજવા માટેનું મનોવિશ્લેષણાત્મક ધોરણ ડો. સિગ્મંડ ફ્રોઈડે રજૂ કર્યું. _______
8. માત્ર સામાજિક ધોરણને આધારે અસાધારણ વર્તનનો અર્થ સમજી શકાય નહીં. ______
9. મનોચિકિત્સા વિજ્ઞાન એ મનોવિજ્ઞાનની શાખા છે. ______
10. તબીબીક્ષેત્રે એમ.ડી. ની પદવી મેળવવાથી ચિકિત્સા મનોવૈજ્ઞાનિક બની શકાય છે. ______
11. મુખ્ય વિષય મનોવિજ્ઞાન સાથે અનુસ્નાતકની પદવી મેળવવાથી મનોચિકિત્સક બની શકાય છે.____
12. મનોરોગોના ઉપચારમાં સામાજિક કાર્યકરનું મુખ્ય કાર્ય સમાજસેવાનું છે. ______
13. અહમના રક્ષણ માટે પ્રયોજાતી પ્રયુક્તિઓને બચાવ પ્રયુક્તિ કહેવાય. ______
14. બચાવ પ્રયુક્તિઓનો ખ્યાલ ડો. સિગ્મંડ ફ્રોઈડે રજૂ કર્યો. ______
15. અધિક્તર પ્રયુક્તિ એ આક્રમક સ્વરૂપની બચાવ પ્રયુક્તિ છે. _______
16. વ્યક્તિ ક્ષતિપૂર્તિ કરીને અહમનું રક્ષણ કરે છે. _______
17. યૌક્તિકરણની પ્રયુક્તિમાં લાગણીનો વિશેષ ઉપયોગ થાય છે. _______
18. તાદાત્મ્યિકરણ એટલે ભાવાત્મક એકત્વ. _______
19. "દ્રષ્ટિ તેવી સૃષ્ટિ" આ કહેવત પ્રક્ષેપણનું ઉદાહરણ છે. _______
20. હંમેશાં નિષ્ફળ નિવડનાર વ્યક્તિ બીજાઓનું ધ્યાન પોતાના તરફ કેન્દ્રિત કરે છે. _______
21. સ્વપ્ન અને દિવાસ્વપ્ન સમાન ઘટનાઓ જ છે. _______
22. સ્વપ્નમાં આવતાં વિષયો અતિશયોક્તિ ભરેલાં હોય છે. _______
23. સ્વપ્ન એ ચેતન માનસની ઉપજ છે. _______
24. પરાગતિ એટલે ભૂતકાળના સમાયોજિત ક્ષેત્રો તરફની ગતિ. _______
25. બચાવ પ્રયુક્તિઓ સાધ્ય છે સાધન નહીં. _______
26. અવાસ્તવિક અને અતાર્કિક ભયોનો સમવેશ ચિંતાની વિકૃતિઓમાં કરી શકાય. _______
27. વિશિષ્ટ વિકૃત ભય એટલે વિવિધ વસ્તુઓ,જગ્યાઓ તેમજ પ્રાણિઓ પ્રત્યેનો અતિશય ભય. _______

28. વિશિષ્ટ વિકૃત ભય અને સામાજિક વિકૃત ભય વચ્ચે કોઈ તફાવત નથી. _______

29. સામાજિક વિકૃત ભયનો ઉદભવ બાલ્યાવસ્થામાં થાય છે. _______

30. સામાજિક વિકૃત ભયના દર્દીઓમાં પુરૂષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ હોય છે. _______

31. સામાજિક વિકૃત ભયના ઉદભવ માટે જનનિક પરિબળો ખાસ જવાબદાર જણાયા નથી. _______

32. સામાન્યિકૃત ચિંતાની વિકૃતિમાં દર્દી ખાસ સંકટ ઉદભવે ત્યારે જ ચિંતાનો અનુભવ કરે છે. _______

33. સામાન્યિકૃત ચિંતાની વિકૃતિને અંગ્રેજીમાં ટૂંકમાં **O. C. D.** કહેવાય. _______

34. અનિવાર્ય વિચારદબાણ ક્રિયાદબાણ એ બંને ભિન્ન વિકૃતિઓ છે. _______

35. વિચાર-ક્રિયાદબાણની વિકૃતિમાં દર્દી પોતાની જાતને મદદ કરી શક્તો નથી. _______

36. આત્મહત્યા પાપ કે અપરાધ છે. _______

37. આત્મહત્યા કરનાર અને શિકાર જુદી જુદી વ્યક્તિઓ હોય છે. _______

38. પુરૂષો કરતાં સ્ત્રીઓમાં આત્મહત્યાની પ્રવૃત્તિ વધારે માત્રામાં જોવા મળે છે. _______

39. આત્મહત્યાની પ્રવૃત્તિ ધરાવતા લોકો હકારાત્મક અથવા નકારાત્મક પ્રકારની અભિવ્યક્તિ કરતા હોય છે. _______

40. આત્મહત્યા કરવા માટે સૌથી મહત્વનું પરિબળ આશાહીનતા છે. _______

41. આંતરવૈયક્તિક સંકટો વ્યક્તિમાં આત્મહત્યાનું વલણ પ્રેરે છે. _______

42. અત્મહત્યાના મહત્વના કારણોમાં ખિન્નતાની મનોદશા મુખ્ય છે. _______

43. આત્મહત્યાની પ્રવૃત્તિ ધરાવનાર વ્યક્તિ સુસમાયોજિત હોય છે. _______

44. આત્મહત્યા કરવાનું વલણ ધરાવતી વ્યક્તિ અન્ય સાથે વાતચીત કરવાનું ઘટાડે છે. _______

45. આત્મહત્યા કરતી વખતે વ્યક્તિમાં જીવન કરતાં મૃત્યુપ્રેરણા વધારે પ્રબળ બને છે. _______

46. શહેરોની તુલનામાં ગામડાઓમાં આત્મહત્યાનું પ્રમાણ ઓછું છે. _______

47. આત્મહત્યા કરવા માંગતી વ્યક્તિ અન્યની સલાહ કે મદદ સ્વિકારે છે. _______

48. યોગાસનો દ્વારા અત્મહત્યાને રોકી શકાય છે. _______

49. આત્મહત્યાનો પ્રયાસ કરી ચુકેલ વ્યક્તિની અત્મહત્યા કરવાની શક્યતાઓ વધારે છે. _______

50. ભારતમાં આત્મહત્યા અટકાવવાનું કામ કરતા કેન્દ્રોની સંખ્યા 200 થી પણ વધુ છે. _______